SHRI SJSB COMMERCE AND SSKU ARTS COLLEGE ★ OLPAD

## શ્રી પી.કે. દેસાઈ કેળવણી મંડળ, ઓલપાડ સંચાલિત
## શ્રી સુરત જિલ્લા સહકારી બેંક કોમર્સ કોલેજ અને
## શ્રી સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આર્ટ્સ કોલેજ, ઓલપાડ

# જોઈએ છે

શ્રી પી.કે. દેસાઈ કેળવણી મંડળ,ઓલપાડ, સંચાલિત શ્રી સુરત જિલ્લા સહકારી બેંક કોમર્સ કોલેજ અને શ્રી સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આર્ટ્સ કોલેજ,ઓલપાડ (આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડ) ગ્રાન્ટ ઇન એઇડ કોલેજને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : કવટ/ isc3/વર્ગ-3/NOC/૧૧૯૨-૯૪ તા.૦૪/૦૨/૨૦૨૬થી નીચેની બિન શૈક્ષણિક વર્ગ-૩ સિનિયરકલાર્કની જગ્યા ભરવા માટે NOC મળેલ છે. નીચે જણાવેલ ખાલી જગ્યાની ભરતી કરવા માટે નિયત નમુનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.જગ્યાની ભરતી સંબધિત જરૂરી વિગતો કોલેજની વેબસાઈટ https://olpadcollege.edu.inપર મુકેલ છે.

| અ.નં | નામ | કુલ જગ્યા | કેટેગરી | લાયકાત | પગાર ધોરણ | વય મર્યાદા |
|---|---|---|---|---|---|---|
| ૧ | સિનિયર કલાર્ક | ૦૧ | બિન અનામત (OPEN) | માન્ય યુનિવર્સિટીમાંથી જે તે વિદ્યાશાખામાં સ્નાતક ડિગ્રી અને ગુજરાતસરકારની માન્ય સંસ્થામાંથી કોમ્પ્યુટર પરીક્ષા પાસ | ૫ વર્ષ માટે ફિક્સ પગાર રૂ. ૨૬,૦૦૦ ગુજરાત સરકારશ્રીના ધારાધોરણો અનુસાર | સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો અનુસાર |

(૧) સદર જગ્યા સરકારશ્રીના ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના તથા સામાન્ય વહીવટી વિભાગ તથા નાણા વિભાગના વખતો વખતના જે તે સંવર્ગના ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ ભરતી કરવામાં આવશે.(૨)નિમણૂંક પામેલા ઉમેદવારોને પાંચ વર્ષ માટે ફિક્સ પગાર ચૂકવવામાં આવશે. ત્યાર બાદ સમીક્ષા કર્યા પછી નિયમોનુસાર પગાર ધોરણ લાગુ પડશે. (૩) નિમણૂંક પામનાર ઉમેદવારને ઉપર દર્શાવ્યા મુજબ તા. ૦૪/૦૨/૨૦૨૬થી મળેલ NOCમાં દર્શાવેલ તમામ શરતોને બંધનકર્તા રહેશે. (૪) ઉમેદવારોએ જાહેરાત પ્રસિધ્ધ થયાના દિન-૧૫ માં રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.દ્વારા અરજી મળી રહે તેમ મોકલવાની રહેશે.(૫) અરજી સાથે પ્રોસેસિંગ ફી પેટે બિન અનામત કેટેગીરીના ઉમેદવારોએ રૂ.૧૦૦૦/- અને અનામત કેટેગીરીના ઉમેદવારોએ રૂ.૮૦૦/- નો ડિમાંડ ડ્રાફ્ટ (DD-નોન રિફંડેબલ) PRINCIPAL ARTS AND COMMERCE COLLEGE, OLPAD નાં નામનો અવશ્ય બીડવો. ફી ભર્યા વગરની અરજી માન્ય ગણવામાં આવશે નહીં. (૬) અરજી સાથે પોતાના સરનામાવાળું ૯ × ૪ ઇંચનું રૂ.૪૦/-ની ટપાલ ટીકીટ ચોંટાડેલું ખાલી કવર મોકલવું.(૭) કોલેજ વેબસાઈટ પર મૂકેલ નિયત નમૂના મુજબ સ્વહસ્તાક્ષરમાં નીચેના સરનામે અરજી કરવાની રહેશે.(૮) પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ જોડવાની રહેશે તથા સમય મર્યાદા બાદ આવેલ તેમજ અધૂરી, અસ્પષ્ટ વિગતોવાળી અરજી અમાન્ય ગણવામાં આવશે.(૯) ભરતી અંગેની માહિતી માટે કોલેજની વેબસાઈટ જોતાં રહેવા સૂચના આપવામાં આવે છે.

**અરજી મોકલવાનું સરનામું:- માનદમંત્રીશ્રી, શ્રી પી. કે. દેસાઇ કેળવણી મંડળ ઓલપાડ**
**C/o. શ્રી સુરત જિલ્લા સહકારી બેંક કોમર્સ કોલેજ અને શ્રી સાયણ સહકારી ખાંડ ઉધોગ આર્ટ્સ કોલેજ,ઓલપાડ.**
**આઇ.ટી.આઇની બાજુમાં, હાથીસા રોડ, મું.પો.ઓલપાડ, તા. ઓલપાડ જિ.સુરત-૩૯૪૫૪૦**

આચાર્ય
શ્રી સુરત જિલ્લા સહકારી બેન્ક કોમર્સ કોલેજ
અને
શ્રી સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આર્ટસ્ કોલેજ
મુ.પો.ઓલપાડ, જિ.સુરત.
પિન નં.-૩૯૪ ૫૪૦.

માનદમંત્રી
શ્રી પ્રમોદભાઈ કનૈયાલાલ દેસાઈ કેળવણી મંડળ
ઓલપાડ, જિ. સુરત-૩૯૪ ૫૪૦.